ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૩૨ ટકા

# પાટનગરમાં ૨૬ માર્ચે કેજરીવાલની મહાસભા

**૨૬ માર્ચે ગાંધીનગરમાં રેલી યોજીને મહાસભા સંબોધશે : કેજરીવાલ અને કુમાર વિશ્વાસ સહીતના આમ આદમી પાર્ટીના નેતાઓ ગુજરાતમાં ૨૬ તારીખથી ચૂંટણીલક્ષી તૈયારી શરૂ કરશે : દિલ્હીની ટીમ સે. ૬ સત્યાગ્રહ છાવણીનું નિરિક્ષણ કરીને ગઈ**

ગાંધીનગર, તા. ૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ચાલુ વર્ષે યોજાશે. પંજાબ અને ગોવાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના સુપ્રિમો અરવિંદ કેજરીવાલે અન્ય રાજકીય પાર્ટીઓને પરસેવો પડાવી દીધો છે ત્યારે હવે આમ આદમી પાર્ટી ગુજરાતમાં ૨૬ માર્ચથી ચૂંટણીલક્ષી તૈયારીઓનું રણશિંગુ ફુંકશે તેવી વિગતો ધ્યાનમાં આવી છે. ૨૬ માર્ચે અરવિંદ કેજરીવાલ તથા કુમાર વિશ્વાસ સહિતના આપના નેતાઓ રાજયના પાટનગર ગાંધીનગરમાં રેલી નિકાળીને



મહાસભા સંબોધશે. તે માટે ગઈકાલે આમ આદમી પાર્ટીની દિલ્હીની ટીમ ગાંધીનગર આવી હતી અને સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી કે જ્યાં કેજરીવાલની મહાસભા યોજાશે તે સ્થળનું નિરિક્ષણ કરીને પરત ફરી હતી.

દિલ્હીમાં સરકાર બનાવી લોકચાહના મેળવ્યા બાદ પંજાબ અને ગોવામાં યોજાયેલી ચૂંટણીમાં ઝંપલાવનાર આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલે હવે ગુજરાત પર નિશાન તાક્યુ છે. ચાલુ વર્ષે ગુજરાત રાજયમાં વિધાનસભા ચૂંટણી યોજાનાર છે. જે અનુસંધાને ભાજપ-કોંગ્રેસ ઉપરાંત હવે અન્ય બે મજબુત પક્ષો પણ ગુજરાતમાં પગપેસારો કરી રાજકીય સ્થિતિમાં બદલાવ લાવે તેવા એંધાણ છે. એક તરફ ઉદ્ધવ ઠાકરેએ હાર્દિક પટેલને શિવસેનાનુ ગુજરાતનું પ્રતિનિધિત્વ સોંપ્યુ હોવાની જાહેરાત કરતા રાજકીય ભુકંપ મચી ગયો છે તો બીજી તરફ આમ આદમી પાર્ટી પણ ગુજરાતમાં જબરદસ્ત સક્રીય થશે તેવા ઈનપુટને પગલે શાસક પક્ષને પરસેવો છુટ્યો છે. અરવિંદ કેજરીવાલ ૨૬ માર્ચે ગુજરાતના પાટનગર ગાંધીનગરના સે. ૬ સ્થિત સત્યાગ્રહ છાવણીથી રેલી અને મહાસભા સંબોધીને ગુજરાતની ચૂંટણીલક્ષી તૈયારીઓને તેજ બનાવશે. મળતી માહિતી મુજબ ૨૬ માર્ચે ગાંધીનગરમાં અરવિંદ કેજરીવાલ રેલી નિકાળીને મહાસભા સંબોધશે. આ મહાસભામાં કુમાર વિશ્વાસ સહિત અન્ય નામી નેતાઓ પણ જોડાશે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કન્ફયુઝ થયેલા મતદારો ઉપરાંત કેજરીવાલ ચાહકોના મત આમ આદમીમાં પડશે તેવા ઈનપુટથી રાજકીય પ્રેશર ઉભુ થવા પામ્યુ હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યુ છે. સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે યોજાનાર મહાસભાના કાર્યક્રમને પગલે આમ આદમી પાર્ટીની અમદાવાદ અને દિલ્હીની ટીમ ગઈકાલે પાટનગરમાં આવી હતી અને મેદાનનું નિરીક્ષણ કર્યુ હોવાનું આધારભુત સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**ડો. ચેતના અરૂણ બુચ**
**શિક્ષક**

**ગાંધીનગર ગમે**

સુંદરતા, હરિયાળી, શાંતિ, સલામતી, સ્વચ્છતા, પહોળા રસ્તા, વિધાનસભાથી લઈને વિદ્યાની નગરી ને ગુજરાતનું પાટનગર હોવાને નાતે શહેર ગમે.

**નગરજનો**

સંવેદનશીલ ને સેવાભાવી નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સેવા, સંસ્કાર ને શિક્ષણ પ્રવૃત્તિઓ ગમે. શહેર વસાહત મહામંડળ, કલ્ચરલ ફોરમ, જ્યોતિ મહિલા મંડળ, કડી સર્વ વિશ્વવિદ્યાલયની પ્રવૃત્તિઓને વંદન અને અભિનંદન.

**નગરને બહેતર બનાવવા**

નગરમાં હજુ ઘણી સુવિધાઓ ઊભી કરવાની બાકી છે. વિકાસશીલ નગર વિકસીત બને તે ખૂબ જરૂરી છે.

**નગર માટે હું કરી શકું**

પ્રકૃતિ અને સંસ્કૃતિનું નગર બની રહે તે માટે તમામ પ્રયાસોમાં મારો સાથ-સહકાર રહેશે. મહિલા સ્વનિર્ભર થાય તે માટે ગૃહ ઉદ્યોગો સ્થાપવાની મારી નેમ છે ને આ કાર્યમાં પૂરો સહયોગ પણ છે.

## કાર ઉભી રખાવીને છરીની અણીએ વેપારીને લૂંટી લેવાયો

**અગોરા મોલ સર્કલ પાસે સાંજે વેપારીની કાર ઉભી રખાવી બાઈક પર આવેલા બે શખ્સોએ પોલીસની ઓળખ આપીને કાંડ કર્યો : ૭૦ હજાર રોકડ ભરેલી બેગ લુંટીને ગાડીની ચાવી પણ લુંટારૂઓ લઈ ગયા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર નજીક ઈન્દીરાબ્રીજથી કોબા તરફ આવતી વેપારીની કારને ગઈ સાંજે ઉભી રખાવી બાઈક પર આવેલા બે શખ્સોએ છરીની અણીએ લુંટ ચલાવી લીધી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. કાર ઉભી રખાવીને ડી સ્ટાફ (પોલીસ)ની ઓળખ આપી બંને શખ્સોએ કારનું ચેકીંગ કર્યુ અને ત્યાર બાદ કાર ચાલક વેપારીના ગળે છરી મુકી રૂ. ૭૦ હજાર ભરેલી બેગ લુંટી લીધા બાદ કારની ચાવી પણ લઈ લીધી અને બાઈક પર બન્ને લુંટારૂઓ રફુચક્કર થઈ ગયા હતા. વેપારીની ફરિયાદને આધારે ઈન્ફોસીટી પોલીસે લુંટનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ કોબા ગામની સીમમાં આવેલા મનોરમ્ય બંગ્લોઝમાં રહેતા સુરેશભાઈ બાબુભાઈ શર્મા અમદાવાદ ખાતે ડેરીને લગતો વ્યવસાય કરે છે. ગઈકાલે મોડી સાંજે સુરેશભાઈ અમદાવાદથી ડેરી બંધ કરીને પોતાની કારમાં ઘરે પરત ફરી રહ્યા હતા. ડેરીનો વકરો રૂ. ૭૦ હજાર રોકડા એક બેગમાં ભરીને તેમણે કારમાં મુક્યો હતો. ઈન્દીરાબ્રીજ પસાર કરીને અગોરા મોલ સર્કલ પાસે સુરેશભાઈ પહોંચ્યા ત્યારે બાઈક પર આવેલા બે શખ્સોએ તેમની કાર ઉભી રાખવા ઈશારો કરતા સુરેશભાઈએ કાર સાઈડમાં કરી ઉભી કરી દીધી હતી. બાઈક પર આવેલા બે શખ્સોએ પોતાની ઓળખ પોલીસ તરીકે (ડી. સ્ટાફ)ની આપી કારની તલાશી લેવાનુ શરૂ કર્યુ હતુ. રસ્તો સુમસામ થયો એટલે તકનો લાભ લઈ તે બે પૈકી એક શખ્સે ખિસ્સામાંથી છરી નિકાળી અને સુરેશભાઈના ગળે મુકી રૂ. ૭૦ હજાર રોકડા ભરેલી બેગ લઈ લીધી હતી. બેગ લુંટીને સુરેશભાઈની કારની ચાવી પણ કાઢી લઈ બન્ને લુંટારૂઓ બાઈક પર પલાયન થઈ ગયા હતા. ઈન્ફોસીટી પોલીસે લુંટનો ગુનો દાખલ કરી લુંટારૂ સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

## ચ-૭ સર્કલ નજીકથી પસાર થતી વાનમાં આગ લાગી

**ફાયરબ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી**



શહેરના ચ-માર્ગ પાસેથી પસાર થઈ રહેલી મારૂતીવાન ગાડી ચ-૭ સર્કલ નજીક સળગી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. સેક્ટર-૫-સી પ્લોટ નં. ૯૮૫/૨ ખાતે રહેતા બળદેવભાઈ જે. પટેલ તેમની જીજે.૧૮.એસી.૧૪૯ નંબરની વાન લઈને નિકળ્યા હતા ત્યારે ગઈ મોડી સાંજે ચ-૭ નજીક ગાડીમાં આગ ભભુકી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડને કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. સદ્ભાગ્યે આ ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી ન હતી.

## @ગાંધીનગર

મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સેક્ટર-૩-સી નવરાત્રી ચોક ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

### સેક્ટર-૨૬માં શ્રીમદ્ ભાગવત કથા યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગ્રીનસીટી સે. ૨૬ હનુમાનજી મંદિર ખાતે ચાલતી શ્રીમદ્ ભાગવત કથામાં તા. ૯-૨-૧૭ના રોજ કૃષ્ણ જન્મોત્સવ યોજાશે. ભારતી બાપુની વ્યાસપીઠે બપોરે ૨ કલાકે યોજાનાર છે. ત્યારે ભાવિ ભક્તો અને વસાહતીઓને લાભ લેવા નમ્ર વિનંતી છે.

### પ્રજાપતિ સમાજનો ૨૪મો સમૂહલગ્નોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા. ૮

પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો ૨૪મો સમૂહલગ્નોત્સવ તાજેતરમાં યોજાયો હતો. આ સમૂહલગ્નોત્સવ યોગેશ કોલ્ડ સ્ટોરેજ અને વિનાયક કોલ્ડ સ્ટોરેજ અહમદપુરા રખિયાલ રોડ દહેગામ ખાતે મહેમાનો, દાતાઓ તથા જ્ઞાતિબંદુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સમાજના કાર્યકરો સ્વામી વિવેકાનંદ યુવામંચના યુવાનો, મહિલા પાંખની ભારે જહેમતથી ધામધૂમથી સંપન્ન થયો હતો. આ સમૂહલગ્નોત્સવમાં ૩૬ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. લગ્નવિધિ બાદ સત્કાર સમારંભ યોજાયો હતો અને દાતાઓ તેમજ મહેમાનોનું અભિવાદન અને નવદંપતિઓને આશિર્વચન સાથે ભેટ સોગાદ અર્પણ કરવામાં આવી હતી.

આ ઉપરાંત તા. ૫-૩-૧૭ને રવિવારના રોજ વિશાંતિભવન ઉત્કંઠેશ્વર મહાદેવ ખાતે નવદંપતિઓ માટે સમાજનું વાપણુ રાખવામાં આવેલ છે. જેમાં નવીન જીવનમાં પ્રવેશ કરતા નવદંપતિઓની તજજ્ઞો દ્વારા આદર્શ ગૃહસ્થાશ્રમ વિશે જાણકારી આપવામાં આવશે અને લગ્ન રજીસ્ટ્રેશન સર્ટી આપવામાં આવશે એવુ સંસ્થાના પ્રમુખ નારણભાઈ એસ. પ્રજાપતિએ અખબારી યાદીમાં જણાવ્યુ હતુ.

## સાઈ સ્પોર્ટસ સંકુલ ખાતે વિવિધ રમતોની તાલીમ માટે પસંદગી પ્રક્રિયા યોજાશે

**આગામી તા. ૨૧મીથી તા. ૨૪મી ફેબ્રુઆરી દરમ્યાન સિલેક્શન ટ્રાયલ : માન્ય ફેડરેશન દ્વારા જિલ્લા-રાજ્ય-રાષ્ટ્રીય કક્ષાએ રમેલા ખેલાડીઓ જ સામેલ થઈ શકશે : પસંદ કરાયેલ ખેલાડીને એક વર્ષની નિવાસી તાલીમ સાથે અન્ય સુવિધાઓ મળશે**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના સેક્ટર-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે વિવિધ રમતોની આંતરરાષ્ટ્રીય કક્ષાની વૈજ્ઞાનિક રીતે પદ્ધતિસભર તાલીમ આપવામાં આવે છે. સાઈના અનેક ખેલાડીઓએ વૈશ્વિક કક્ષાએ દેશનુ નામ રોશન કર્યું છે. આગામી તા. ૨૧મી ફેબ્રુઆરીથી સાઈ સંકુલ ખાતે ૧૧ રમતોની તાલીમ માટે ખેલાડીઓની પસંદગી પ્રક્રિયા હાથ ધરાનાર છે. આ ૧૧ રમતોમાં વ્યક્તિગત અને ટીમ રમતો માટે પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે.

ભારતના રિઓ ઓલિમ્પિકમાં કંગાળ દેખાવ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૦માં યોજાનાર આગામી ઓલિમ્પિક રમતોમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરી પુનઃ પ્રતિષ્ઠા હાંસલ કરવા બીડું ઝડપ્યું છે. આ અંતર્ગત દેશમાં રમતગમત ક્ષેત્રે વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ગાંધીનગર ખાતે કાર્યરત સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટર ખાતે અત્યાધુનિક સવલતો તેમજ નિષ્ણાત પ્રશિક્ષકો દ્વારા વિવિધ રમતોની વૈજ્ઞાનિક ઢબે આંતરરાષ્ટ્રીય કક્ષાની તાલીમ આપવામાં આવે છે. અહીં જુનિયર અને સબ-જુનિયર કક્ષાએથી જ લઈ સિનિયર કક્ષા સુધીના ખેલાડીઓની તાલીમ માટે પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત નિવાસી તાલીમની સગવડ પણ સાઈ સંકુલ ખાતે ઉભી કરવામાં આવી છે. આગામી તા. ૨૧મી ફેબ્રુઆરીથી તા. ૨૪મી ફેબ્રુઆરી દરમ્યાન વિવિધ ૧૧ રમતો માટે ખેલાડીઓની પસંદગી પ્રક્રિયા યોજાનાર છે. આ ૧૧ રમતોમાં બૉયઝ અને ગર્લ્સ બંને કેટેગરી માટે એથ્લેટિક્સ, જિન્માસ્ટિક, હેન્ડબૉલ, સ્વીમીંગ, રેસલીંગ, કબડ્ડી, વૉલીબોલ અને બોક્સીંગનો સમાવેશ કરાયો છે જ્યારે બૉયઝ કેટેકગરીમાં બાસ્કેટબોલ, હૉકી અને ફૂટબોલનો પણ સમાવેશ કરાયો છે. પસંદગી પ્રક્રિયામાં વ્યક્તિગત રમતો માટે વયમર્યાદા ૧૨ થી ૧૮ વર્ષ અને ટીમ રમતો માટે વયમર્યાદા ૧૦ થી ૧૪ વર્ષની રાખવામાં આવી છે. પસંદગી પ્રક્રિયામાં યોજાનાર સિલેક્શન ટ્રાયલ બાદ પસંદ કરાયેલ ખેલાડીઓને વધુમાં વધુ ૩૩૦ દિવસ માટે નિષ્ણાત પ્રશિક્ષકનું માર્ગદર્શન, નિઃશુલ્ક રહેવા જમવાની સુવિધા, સ્પર્ધાઓમાં સામેલગીરી, સ્પોર્ટસ કીટ, તબીબી તથા વિમાકીય સવલતો તથા શૈક્ષણિક ખર્ચાઓની સવલતો મળવા પાત્ર થશે. આ પસંદગી પ્રક્રિયામાં જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાની અથવા તેની સમકક્ષ કક્ષાની સ્પર્ધામાં જે તે રમતના માન્યતા પ્રાપ્ત ફેડરેશનમાંથી ભાગ લીધેલ ખેલાડી જ સામેલ થઈ શકશે.

### કઈ-કઈ રમતોની પસંદગી પ્રક્રિયા યોજાશે

**બોયઝ-ગર્લ્સ બંને માટે**

- ● એથ્લેટિક્સ
- ● જિન્માસ્ટિક
- ● હેન્ડબૉલ
- ● સ્વીમીંગ
- ● રેસલીંગ (કુસ્તી)
- ● કબડ્ડી
- ● વૉલીબોલ
- ● બોક્સિંગ

ફક્ત બૉયઝ માટે

- ● ફૂટબૉલ
- ● બાસ્કેટ બૉલ
- ● હૉકી

- વ્યક્તિગત રમતો માટે ૧૨ થી ૧૪ વર્ષની વયમર્યાદા તથા ટીમ રમતો માટે વય મર્યાદા ૧૦ થી ૧૪ વર્ષની રહેશે.

## જલારામ બાપાના વિરપુર ધામમાં છેલ્લા ૧૭ વર્ષથી ભેટ-રોકડ સ્વીકારાતી નથી

**આજથી ૧૭ વર્ષ પૂર્વે ૯ ફેબ્રુઆરીના રોજ વીરપુર જલારામ મંદિરમાં ઐતિહાસિક નિર્ણય લેવાયો હતો**

ગાંધીનગર, તા. ૮

આજે આપણે વાત કરવી છે પૂ. જલારામ બાપાના ધામ વિરપુર





ખાતે આવેલ શ્રી જલારામ મંદિરની. તા. ૯-૨-૨૦૦૦ના રોજ સમગ્ર વિશ્વમાં જેની નોંધ લેવાઈ તેવો નિર્ણય વીરપુર ખાતે લેવામાં આવ્યો. શ્રી જલારામ મદિંર, વીરપુર દ્વારા કોઈપણ પ્રકારની ભેટ-સોગાદ-રોકડ રકમ નહીં સ્વીકાર કરવાના ઐતિહાસિક નિર્ણયની ધર્મજગતે જ નહીં, ગુજરાતે જ નહીં, રાષ્ટ્રમાં જ નહીં પરંતુ વિશ્વભરના ખૂણે-ખૂણે આશ્ચર્ય સાથે નોંધ લેવામાં આવી.

આજે જ્યારે 'પૈસાને જ પરમેશ્વર' માનવામાં આવે છે તેવા સમયે આવો કઠીન નિર્ણય લેવો અને આજે સતત ૧૭ વર્ષ સુધી તેને મક્કમતાથી આગળ ધપાવવામાં આવી રહ્યો છે તે સૌ માટે આજે પણ એક કોયડો બની રહેલ છે. વિશ્વનું કોઈપણ ધાર્મિક સ્થળ એવું નહીં હોય જ્યાં ભેટ-પૈસા મુકવાની મનાઈ કરવામાં આવતી હોય. પરંતુ વીરપુરના શ્રી જલારામ મંદિરમાં તા. ૯-૨-૨૦૦૦થી કોઈપણ પ્રકારની ભેટ-પૈસા સ્વીકારવામાં આવતા નથી. કોઈએ માનતા-બાધા રાખેલ હોય તો તેને પ્રેમપૂર્વક, અત્યંત વિનમ્રતાપૂર્વક પોતાના વિસ્તારમાં આવેલ શ્રી જલારામ મંદિર અથવા અન્ય કોઈ મંદિર અથવા કોઈ જરૂરીયાતમંદ વ્યક્તિની પાછળ તે પૈસા ખર્ચ કરવા અપીલ કરવામાં આવે છે.

વિરપુર ખાતે આવેલ શ્રી જલારામ મંદિરને સાદગીપૂર્વક રાખીને પૂ. જલારામ બાપા દ્વારા કાર્યરત કરાયેલ સદાવ્રત આજે પણ સતત તેટલા જ ભક્તિભાવપૂર્વક ચલાવાવમાં આવી રહ્યું છે.

## ચિલોડા-નરોડા માર્ગની કામગીરીનો આરંભ

**માર્ગની બંને તરફના દબાણો દૂર કરાયા, કમકમાટી ભર્યા અકસ્માતોનો સિલસિલો અટકશે, છ માર્ગીય બનતો માર્ગ નિર્દોષ મૃતકોને સાચી અંજલિ**

ચિલોડા, તા.૮

નેશનલ હાઈવે નં.૮નો ચિલોડા-નરોડા મધ્યેનો ફક્ત આઠ





કિ.મી. માર્ગ છેલ્લા ઘણા સમયથી અકસ્માતો થકી ગોઝારો બની ગયો હતો. આ માર્ગને પહોળો કરવા માર્ગ ઉપરના ગ્રામજનો તથા હિતેચ્છુઓએ કમરતોડ પ્રયાસો કરી નિર્દોષોઓના મોત અટકાવવા તંત્ર સમક્ષ માગણી કરી હતી. જેના ફળદાયી પરિણામોમાં રાજય સરકારના હાલના નાયબ મુખ્યમંત્રીના અંગત પ્રયાસો હાલ લેખે લાગ્યા છે. જેમાં છેલ્લા ચાર દિવસથી આ માર્ગને પહોળો કરવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેથી પથંકમાં આનંદ અને સંતોષની લાગણી પ્રસરી જવા પામી છે અને માર્ગમાં અંતરાયરૂપ દબાણકર્તાઓ માર્ગનેય પહોળા કરવા માટેની કામગીરીમાં સહકાર પુરો પાડી આપમેળે ખસી ગયા છે.

નિર્દોષ વ્યક્તિઓના મોત માટે કારણભૂત બનેલો દર્દનાક માર્ગ ચિલોડા-નરોડા વચ્ચેનો આઠ કિ.મી.નો નેશનલ હાઈવે નં. ૮નો ટુકડો હવે પહોળો થવા જઈ રહ્યો છે. વાહનચાલકોમાં ડરાણમો ગણાતો આ માર્ગ અનેક અકસ્માતો થકી લોહીથી ખરડાયેલો જ રહ્યો છે. જે માટે પંથકના સરપંચો, ગ્રામજનો અને અનેક આગેવાનોએ એ જબરદસ્ત લડાઈ કરી માર્ગને પહોળો કરવા તંત્ર સામે અનેક વખત રજુઆતો અને સ્થિતિની ગંભીરતાનો ચિતાર રજૂ કરે રાખ્યો હતો. જેમાં રાજયના હાલના નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ દિલ્હી ખાતે કેન્દ્ર સરકારના મંત્રીને મળીને આ માર્ગને પહોળો કરવાની મંજુરી લઈ આવ્યા હતા. જેનાથી આ માર્ગને પહોળો કરવાની વર્ષો જૂની માંગ સંતોષાઈ હતી.

નેશનલ હાઈવે ઓથોરિટીએ આ અંગેના કામનો સર્વે કરી જે તે ઠેકેદારોને નિયમ મુજબની કાર્યવાહીના અંતે કામગીરી સોંપી દીધી હતી. જેના પરિણામ સ્વરુપ છેલ્લા બે દિવસથી આ માર્ગને અંતરાયરુપ દબાણો દૂર કરવાની કામગીરીને સફળતાપૂર્વક આરંભ થયો છે. ચિલોડા-નરોડા વચ્ચે અત્યાર સુધી થયેલા કમકમાટી ભર્યા અકસ્માતોનો હવે અંત આવવાનો છે તેવા સમાચાર પંથકમાં પ્રસરી જતાં લોકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. છ માર્ગીય બનતો આ માર્ગ નિર્દોષ મૃતકોને સાચી અંજલિ સ્વરુપે અર્પણ થયો હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. વધુમાં નિર્દોષ મૃતકોના પરિવારોમાં પણ આ માર્ગની સુધારણા થતી હોવાના સમાચારે ખુશી ફેલાવી છે અને સત્વરે આ માર્ગ છ માર્ગયી બની જાય તેવી શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. રાજયનો એક માત્ર નેશનલ હાઈવેનો આ નાનો ટુકડો છેલ્લા ઘણા સમયથી વગોવાઈ રહ્યો હતો જે હવે આશીર્વાદ રુપ બનશે તેવી આશાસ્પદ કામગીરી આરંભાઈ ચુકી છે.

## વાતવાતમાં

● દહેગામમાં એક મારકરણી ગાય તોફાને ચઢી હતી અને એક મહિલા પર તેણે હુમલો કર્યો હતો. ગાયના પ્રહારને કારણે આ મહિલાનું કરૂણ મોત નીપજવા પામ્યું છે.

● બીએસએફના વધુ એક જવાનનો વિડિયો શોશ્યલ મિડીયા પર વાઈરલ થવા પામ્યો છે. આ અંગે ગાંધીનગર ખાતેના ગુજરાત ફ્રન્ટિયર દ્વારા આ જવાનની રજાઓ કેન્સલ કરી તેને કાર્યવાહી માટે હાજર થવાનું ફરમાન જારી કરાયું હોવાની સ્પષ્ટતા કરવામાં આવી છે.

● ગાંધીનગરમાં શિયાળાની પ્રસિદ્ધ વાનગી ''હળદળિયુ'' સાથે રોટલાની મિજબાનીના કાર્યક્રમોનું નોંધપાત્ર સંખ્યામાં આયોજન થતુ જોવા મળી રહ્યું છે. હળદળિયુ-રોટલાના મોટા ભાગના કાર્યક્રમો પત્રકારો માટે આયોજિત થવા પામી રહ્યાં છે.

## ચિરવિદાય

● સ્વ. નટવરલાલ અમૃતલાલ રાણા, ઉ.વ.૮૧